**<u>ક્રીમીનલ કેસ નં.                    /૨૦૨૪.</u>**

## <u>ચાર્જશીટ નીચે હુકમ::-</u>

(૧) આ કામના આરોપી સામે ધી એમ.વી. એક્ટ કલમ-૧૮૫ તથા ધી પ્રોહીબીશન એક્ટ કલમ-૬૬(૧)બી મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો આચરવાનો આક્ષેપ છે. આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તેમના વિરૂધ્ધના ગુનાની હકીકત વાંચી, સંભળાવી ગુના સબબની પ્લી લેતા ઉપરોકત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવી, આરોપીએ અલગથી ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપીની ગુન્હા કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. તેમજ ***નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ.આર. પાના નં.૭૦૯ તેમજ રમેશચંદ્ર ભીખાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૩(૨) જી.એલ.આર. પાના નં.૯૭૪*** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાઓ વંચાણે લીધા. સદર કામે આરોપીએ ગુન્હાની કબુલાત આપેલ છે, જે તેમની સ્વેચ્છાપુર્વક અને કોઈપણ પ્રકારના દબાણ વગર આપેલ છે. આમ, આરોપીની સ્વેચ્છાપુર્વકની કબુલાત તેમજ કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં, આરોપીની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉપરોક્ત બંને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતો ધ્યાને લેતાં તેમજ કેસની તમામ હકીકતો અને સંજોગો લક્ષમાં લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**|| <u>હુ ક મ</u> ||**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૫૨ અન્વયે ધી પ્રોહીબીશન એક્ટની કલમ-૬૬(૧)બી મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી ધી પ્રોહી. એક્ટ કલમ-૬૬(૧)બી મુજબના ગુન્હાના ભંગ બદલ રૂપિયા **૧૦૦/-(અંકે રૂપીયા એકસો પુરાનો)** દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ મોટર વ્હીકલ એક્ટની કલમ-૧૮૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂપિયા **૨,૫૦૦/-(અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન-૦૫(પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય તો તેને કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે, વિકલ્પે મુદ્દામાલ વાહનની ખરાઈ કરી તેના મુળ માલિકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે

આ હુકમ આજરોજ **તા.૨૨મી** માહે **જુન** સને **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

**તા.૨૨/૦૬/૨૦૨૪.**
**સુરત.**

(ઓ.બી.ગોહિલ)
**તેરમા એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,**
**જજ કોડ નં. જીજે ૦૧૭૧૭,**
**સુરત.**

| | |
|---|---|
| Rs. **૨૬૦૦/-** | |
| R. No. | |